# [૧૨]




**આ તીર્થંકર-ચોવીસીના પાંચ બાલબ્રહ્મચારી તીર્થંકરોમાં જેઓ સૌથી પ્રથમ હતા, જેમના પાંચે કલ્યાણક અંગદેશના ચંપાપુરી રાજ્યમાં થયા, અને સર્વજ્ઞ થઈને જેમણે સમસ્ત વિશ્વનું જ્ઞાન-સામ્રાજ્ય પ્રાપ્ત કર્યું, એવા હે ભગવાન વાસુપૂજ્યદેવ! હું મારા અલ્પ છતાં સમ્યક્ મતિશ્રુતજ્ઞાન વડે આપના મહાન સર્વજ્ઞપદની પૂજા કરું છું. આપની સ્તુતિ કરતાં સમન્તભદ્રસ્વામી કહે છે–**

*'મયાપિ પૂજ્યોલ્પધિયા મુનીન્દ્ર : દિપાર્ચિષા કિં તપનો ન પૂજ્ય:'*

**હે દેવ! લોકમાં અલ્પ પ્રકાશી દીપક વડે મહાપ્રકાશી સૂર્યની પૂજા શું નથી થતી?–થાય જ છે, કેમ કે પ્રકાશસ્વરૂપે બંને એક જાતના છે; તો મારું જ્ઞાન અલ્પપ્રકાશી હોવા છતાં, તે આપના અતીન્દ્રિય મહાપ્રકાશી કેવળજ્ઞાનની જાતનું જ છે તેથી, તે જ્ઞાન વડે હું આપની પૂજા કરું છું.**

## ભગવાન વાસુપૂજ્ય : પૂર્વભવ : રત્નપુરીના પદ્મોત્તર રાજા

ચંપાપુરીના મહારાજા વસુના પુત્ર, અને વાસવ (ઈન્દ્ર) વડે પૂજિત, એવા હે વાસુપૂજ્ય સ્વામી! તીર્થંકર પહેલાંના ભવમાં આપ પુષ્કરદ્વીપમાં રત્નપુરી નગરીના મહારાજા હતા; ત્યારે આપનું નામ પદ્મોત્તર હતું. આપની રત્નપુરી નગરીમાં સમ્યક્ત્વાદિ રત્નના ધારક ધર્માત્માજીવો વસતા હતા; આપ પ્રજાને માટે કલ્પવૃક્ષ સમાન હતા, શાસ્ત્રના જ્ઞાતા હતા, અને જૈનધર્મની ઉપાસના વડે આત્મતત્ત્વને જાણીને મોક્ષના માર્ગમાં ચાલતા હતા. આપની નગરીમાં ધર્મનું સામ્રાજ્ય હતું. આપની બુદ્ધિ નીતિમાર્ગમાં, અને આપનું ધન દાનમાં લાગેલું હતું. આપની ભક્તિ જિન ભગવાનમાં જ હતી, અને આપનો પ્રચંડ પ્રતાપ શત્રુ રાજાઓ પ્રત્યે જ હતો, ધર્માત્મા ગુણીજનો પ્રત્યે તો આપ

શાંત અને નમ્ર હતા. આપના આવા સુંદર ગુણોથી આકર્ષાઈને લક્ષ્મી પણ આપની પાસે જ રહેતી હતી.

જો કે આત્મઅનુભૂતિને લીધે આપનું જીવન શાંત અને સંતુષ્ટ રહેતું, છતાં પણ મોક્ષની પૂર્ણ સાધના માટે સંયમદશાની ભાવના આપના ચિત્તમાં સદાય રહેતી હતી.અને ઉપાદાન અનુસાર નિમિત્ત હોય છે—એ ન્યાયે, આપને પણ એકવાર એવા ઉત્તમ નિમિત્તનો સુયોગ બન્યો : આપની રત્નપુરીના મનોહર ઉદ્યાનમાં 'યુગંધર' જિનરાજ પધાર્યા. પરમભક્તિપૂર્વક જિનરાજના દર્શન કરતાં આપનું ચિત્ત અતિ પ્રસન્ન થયું. પ્રભુની વાણીમાં આપે સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્રરૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ સાંભળ્યો : એમાં રત્નત્રયવંત સાધુની વીતરાગતાનું સ્વરૂપ સાંભળતાં આપ વૈરાગ્યમાં ઝૂલવા લાગ્યા ને દેહાદિ સંયોગની અનિત્યતા—અશરણતા વગેરેનું ચિંતન કરવા લાગ્યા. "આ સંસારભ્રમણના દુઃખથી હવે બસ થાઓ, અમારા ચૈતન્યના એકત્વમાં જે પરમ સુખ છે તેને જ હવે સાધશું. અરે, આવા અસ્થિર, ક્ષણભંગુર અને આકુળતાના જ નિમિત્ત એવા ઈન્દ્રિયવિષયોનો પ્રેમ શું કરવો ? એ કદી તૃપ્તિ આપવાના નથી; તૃપ્તિ તો અંતર્મુખ ઉપયોગ વડે ચૈતન્યની શાંતિમાં જ છે."—આવા વૈરાગ્યપૂર્વક, હે વાસુપૂજ્યદેવ ! પૂર્વભવમાં યુગંધરસ્વામીના ચરણોમાં આપે જિનદીક્ષા લીધી; પદ્મોત્તર મહારાજા મટીને આપ મોક્ષસાધક મહાત્મા બન્યા, રત્નત્રયધારી સાધુ બન્યા. બીજા અનેક રાજાઓએ પણ રાજપાટ છોડીને મોક્ષમાર્ગમાં આપનું અનુસરણ કર્યું પ્રભો ! રત્નત્રયથી આકર્ષાઈને આપના મોક્ષની કાળલબ્ધિ એકદમ નજીક આવી ગઈ.

દીક્ષા લઈને આપ આત્મધ્યાનમાં લયલીન રહેવા લાગ્યા. આપનું જ્ઞાન પણ ખીલવા માંડ્યું ને કેવળજ્ઞાનને ભેટવા માટે દોડવા લાગ્યું. આપના પરિણામોની વિશુદ્ધતા પણ વૃદ્ધિગત થવા લાગી. દર્શનવિશુદ્ધિ વગેરે ૧૬ ભાવનાની ઉત્તમ સમ્પત્તિ વડે તીર્થંકરપ્રકૃતિ પણ આપે ખરીદી લીધી અહા, જગતના જેટલા ઉત્તમ પદાર્થો હતા તે બધાયને આપના ગુણો સાથે રહેવાનું મન થયું, તો પછી અમે તો આપની સાથે જ કેમ ન રહીએ !!

હે વાસુપૂજ્યસ્વામી ! પછી તો આપે રત્નત્રયની અખંડ આરાધનાસહિત સમાધિમરણ કર્યું અને આપ પદ્મોત્તર મુનિની પર્યાય છોડીને 'મહાશુક્રસ્વર્ગમાં ઈન્દ્ર થયા.હે દેવ ! પછી જ્યારે તીર્થંકર તરીકે આપના ગર્ભકલ્યાણકનો ઉત્સવ થયો અને ઈન્દ્રો આપના માતા-પિતાનું સન્માન કરવા આવ્યા ત્યારે તે ઈન્દ્રોમાં શું આપ (મહાશુક્ર-ઈન્દ્ર) પણ ભેગા હતા !!

ઈન્દ્રપર્યાયમાં આપ ૧૬ સાગર સુધી રહ્યા; આપને પદ્મલેશ્યા હતી; ૧૬ હજાર વર્ષે માત્ર માનસિક અમૃતનો આહાર લેતા હતા. ચૈતન્યનું અમૃત સદાય અનુભવાતું હોવાથી પૌદ્ગલિક અમૃતની અભિલાષા શાંત થઈ ગઈ હતી; એટલું જ નહિ, અનેક દેવાંગનાઓની સાથે રહેવા છતાં પણ તેમની સાથે શારીરિક કામભોગ આપને કદી ન હતો, માત્ર પરસ્પર મધુરશબ્દોથી જ આપની વાસનાઓ શાંત થઈ જતી.—આ ઉપરથી સિદ્ધ થતું હતું કે જેનું ચિત્ત સ્વયં તૃપ્ત છે તેને બાહ્ય વિષયો—ભોગો નિરર્થક છે. વિષયભોગો તરફનો ધસારો તો આકુળતાથી દુઃખી જીવો જ કરે છે. ત્યાં આંખ વગર ચોથી નરક સુધીનું જ્ઞાન કરી શકો એવી તાકાતવાળું સમ્યક્ અવધિજ્ઞાન આપને વર્તતું હતું એટલે ત્યાં બેઠાબેઠા પણ મધ્યલોકના તીર્થંકરોને આપ દેખી શકતા હતા. ત્યાં આપને કોઈ રોગ-શોક ન હતા; આપનું આત્મિકજીવન પણ સુખી હતું ને બાહ્યજીવન પણ સુખી હતું. શાસ્ત્રો કહે છે કે ચારે ગતિમાં દુઃખ જ છે, એ વાત સાચી—પણ અજ્ઞાનીઓને માટે; આત્મજ્ઞાનીને તો સર્વત્ર સુખ છે; કેમ કે સુખનો ભંડાર પોતામાં છે તે તેણે જાણી લીધો છે. પ્રભો ! ત્યાં

આપે અસંખ્ય તીર્થંકરોના પંચકલ્યાણક મહોત્સવો ઉજવ્યા. ને સ્વર્ગમાં ધર્મચર્ચા વડે કેટલાય દેવોને સમ્યગ્દર્શન પમાડ્યું. હે પ્રભો! આ રીતે આત્મસાધના સહિત આપે મહાશુક્રપર્યાયમાં અસંખ્ય વર્ષો વીતાવ્યા. જ્યારે તે દેવપર્યાયમાં છ માસનું જ આયુષ્ય બાકી રહ્યું ત્યારે, જાણે કે મોક્ષસુંદરી પોતાના સ્વયંવર માટે આપને બોલાવી રહી હોય, એમ આપ મધ્યલોકમાં આવવા તૈયાર થયા. દેવગતિના ભવો પૂરા કરીને, બાકી રહેલા અંતિમ મનુષ્યભવનો પણ અભાવ કરીને પરમાત્મા થવા માટે આપ ઉત્સુક થયા. ભવના અભાવ માટેનો એ અંતિમ ભવ ચંપાપુરી નગરીમાં હતો.

## [વાસુપૂજ્ય ભગવાનના પંચકલ્યાણક]

પ્રભો! મહાશુક્રના ઈન્દ્રવિમાનમાં બેઠાબેઠા આપ જોઈ રહ્યા છો : આ છે ચંપાપુરીનગરી. તેની શોભા અદ્ભુત તો હતી જ, તેમાં વળી ભરતક્ષેત્રના બારમા તીર્થંકરરૂપે આપનો અવતાર થવાનો હોવાથી તેની શોભામાં દિવ્યતા આવી ગઈ. સ્વયં કુબેર તે નગરીને શણગારવા લાગ્યો, એટલું જ નહિ...ત્યાં રોજરોજ કરોડો રત્નોનો વરસાદ થવા લાગ્યો. એ ચંપાનગરી અંગદેશની રાજધાની હતી અને ત્યાંના મહાભાગ્યવાન મહારાજા હતા વસુપૂજ્ય. તેઓ ઈક્ષ્વાકુવંશી હતા. તેમના મહારાણીનું નામ જયાવતી! જેઠ વદ છઠના ઉત્તમદિને જ્યારે તે જયાવતી મહારાણીએ ૧૬ મંગલ સ્વપ્નો જોયા, અને આપ સ્વર્ગલોક છોડીને માતા જયાવતીના ઉદરમાં અવતર્યા, ત્યારે ઈન્દ્રોએ આવીને વસુમહારાજા તથા જયાવતી દેવીનું તીર્થંકરના માતાપિતા તરીકે સન્માન કર્યું. હે દેવ! આપના માતા રત્નકૂંખધારિણી બન્યા; એટલું જ નહિ, આખી ચંપાનગરી રત્નવંતી બની ગઈ. આપના અવતારથી બાહ્ય દરિદ્રતા તો દૂર થઈ, ને જે ધાર્મિક દરિદ્રતા ભરતક્ષેત્રમાં થઈ ગઈ હતી તે પણ દૂર થઈ; કેમકે આપના અવતાર પહેલાં શ્રેયાંસપ્રભુના શાસનના અંતભાગમાં કરોડો-અબજો વર્ષો સુધી ભરતક્ષેત્રમાં જૈનધર્મનો જે વિચ્છેદ હતો તે દૂર થયો ને પુનઃ ધર્મશાસન શરૂ થઈ ગયું.

હે દેવ! માહ વદ ચૌદસના રોજ ચંપાપુરીમાં આપનો જન્મ થયો. આપના જન્મના હર્ષોલ્લાસથી દેવલોક પણ ધ્રુજી ઊઠ્યો ને ઈન્દ્રાસન પણ ડોલી ઊઠ્યા. ઈન્દ્રોએ આવીને આપના જન્મનો મહાન ઉત્સવ કર્યો. ધન્ય બની ચંપાનગરી ને ધન્ય બન્યો ભારતદેશ! વાસુ એવો જે ઈન્દ્ર, તેના વડે આપ પૂજાયા તેથી આપ ખરેખર 'વાસુપૂજ્ય' હતા, ને ઈન્દ્રે આપનું નામ પણ 'વાસુપૂજ્ય' રાખ્યું. આપનું ચરણચિહ્ન 'પાડો' હતું. આપનું આયુષ્ય ૭૨ લાખ વર્ષ હતું, ને દેહની ઊંચાઈ ૭૦૦ફૂટ (૭૦ધનુષ) હતી. જન્માભિષેક પછી સ્વયં ઈન્દ્રાણીએ, દેવલોકના આભૂષણોથી આપને શણગાર્યા; અરે, આપનો દેહ સ્વયમેવ સર્વોત્કૃષ્ટ સુંદરતાને વરેલો જ હતો, એને શોભા માટે આભૂષણની જરૂર ક્યાં હતી? પરંતુ, ઈન્દ્રલોકમાં ઉત્પન્ન થયેલા ઉત્તમ આભૂષણો બીજે ક્યાં રાખવા? તેને યોગ્ય કોઈ ઉત્તમ સ્થાન ન મળવાથી, અંતે ઈન્દ્રાણીએ તે આપને પહેરાવીને સંતોષ માન્યો. આપની શોભા કાંઈ તે આભૂષણ વડે ન હતી, ઊલ્ટું આપના સ્પર્શને લીધે તે આભૂષણો પણ શોભી ઊઠ્યા! માતા–પિતાના હર્ષનો તો પાર ન હતો. આપના જેવા તીર્થંકર જેની ગોદમાં બિરાજતા હોય ને આંગણામાં ખેલતા હોય, તેમના પરમ ભાગ્યની શી વાત! સમસ્ત રાજ્યમાં ગુણ–વૈભવોની વૃદ્ધિ થવા લાગી. જેમ 'સમા' નામનો ઈચ્છિત વરસાદ થતાં ઉત્તમ ધાન્યના ઢગલા પાકે તેમ આપનો અવતાર થતાં ધર્મવૃદ્ધિ થવા લાગી હતી; પ્રજાજનો સદ્ગુણોનું પાલન કરતા હતા.

હે દેવ! ધીમે ધીમે બાલ્યકાળ વીતાવીને આપે યૌવનદશામાં પ્રવેશ કર્યો. આપનું અદ્ભુત રૂપ સૌને મુગ્ધ કરતું હતું અને તેનાથી આકર્ષાઈને કામદેવ પણ આપના દેહમાં આવવા ઈચ્છતો હતો,

પરંતુ આપના હૃદયમાં રહેલા વૈરાગ્યાદિ સદ્‌ગુણોએ તે દુષ્ટ કામદેવને આપના અંતરમાં પ્રવેશવા ન દીધો; તેથી આપ કામવાસનાથી દૂર બાલબ્રહ્મચારી જ રહ્યા. જો કે આપના માતાપિતાને પુત્રવધુનું સુખ જોવાની ઘણી જ ઉત્કંઠા હતી, પરંતુ આપે તેમને નિરાશ કર્યા; નિરાશ કરવા છતાં, આપે એકલાએ જ દિવ્ય રૂપ–ગુણો વડે માતાપિતાને એવી તૃપ્તિ આપી કે તેમને કાંઈ દુઃખ ન થયું. વિષયભોગો વગર જ સુખ અને આનંદ હોય છે–તે આપે આપના જીવન વડે જગતને બતાવી આપ્યું. ચંપાનગરીના યુવરાજ તરીકે ૧૮ લાખ વરસ સુધી આપ રહ્યા; છતાં ચૈતન્યવૈભવથી રંગાયેલું આપનું ચિત્ત રાજવૈભવથી રંગાયું ન હતું, તેનાથી અલિપ્ત જ રહેતું હતું. આપના શ્રીમુખથી અનેક પ્રકારની ધર્મચર્ચા વડે તેમજ આપની દિવ્યમુદ્રાના દર્શન વડે માતા–પિતા તેમજ પ્રજાજનોમાં સર્વત્ર આપે આનંદ ફેલાવ્યો.

ત્યારબાદ એકવાર માહવદ ૧૪ આવી. તે આપના જન્મનો મંગલ દિવસ હતો. પ્રજાજનોએ આપનો જન્મોત્સવ ખૂબ ધામધૂમથી ઊજવ્યો. દેવલોકમાંથી પૂર્વપરિચિત અનેક દેવમિત્રો પણ જન્મોત્સવમાં આવ્યા. તે વખતે ચંપાનગરીનો શણગાર ખરેખર અદ્‌ભુત હતો. લોકો નૃત્યગાન વડે પોતાનો હર્ષોલ્લાસ વ્યક્ત કરી રહ્યા હતા. આપ આ બધો ઠાઠ–માઠ જોઈ રહ્યા હતા, પણ આપનું ચિત્ત ઊંડે–ઊંડે ક્યાંક ઊતરી રહ્યું હતું. એવામાં, આ શોભા જોતાં–જોતાં અચાનક પૂર્વભવે ઇન્દ્રલોકમાં જોયેલી અદ્‌ભુત શોભા આપને યાદ આવી ગઈ; જાતિસ્મરણ જ્ઞાનમાં આપનો પૂર્વનો ઇન્દ્રભવ તેમ જ ત્યારપહેલાંનો પદ્મોત્તર–રાજાનો ભવ આપને સાક્ષાત્ જેવો જ દેખાયો. તરત જ આપનું ચિત્ત સંસારથી વિરક્ત થયું : "અરે, ક્યાં ગયા દેવલોકનાં એ દિવ્ય વૈભવો ! ને ક્યાં ગયા એ દિવ્ય શરીરો !! એ ક્ષણભંગુર વિષયોમાં ને શરીરમાં આસક્તિ શી ? નિર્બુદ્ધિ જીવો મફતના વિષયોમાં આસક્ત થઈને સંસારમાં ભ્રમણ કરે છે. શરીર ભલે ગમે તેવું સુંદર હો, નીરોગી હો, શોભાવાળું હો, અસંખ્ય વર્ષના આયુવાળું હો, તોપણ એ ચૈતન્યથી તો જુદું જ છે. તેનો વિયોગ થવાનો જ છે, પછી તેમાં આસક્ત થઈને પોતે જ પોતાના આત્માને બંધન શા માટે કરવું ? હું શરીર અને સંયોગોના મોહબંધનને તોડીને મારા આત્માને આ ભવભ્રમણથી મુક્ત કરીશ...મારી ચેતના હવે જાગી ઊઠી છે, તેથી આજે જ સંસાર છોડીને મોક્ષની સાધના માટે હું મુનિદશા અંગીકાર કરીશ...."

અહો દેવ ! આવા ઉત્તમ વૈરાગ્ય–વિચારો વડે આપે તો જન્મદિવસને દીક્ષાનો દિવસ બનાવી દીધો, હર્ષના પ્રસંગને પરમ વૈરાગ્યનો પ્રસંગ બનાવી દીધો; તત્કાળ જિનદીક્ષા લેવાનો અફર નિર્ણય આપે કર્યો. લોકો આશ્ચર્યમાં પડી ગયા : અરે, એકાએક આ શું મહા પરિવર્તન થયું ? માતા–પિતા તો વિસ્મય પામી ગયા. આપની વૈરાગ્યપરિણતિને તેઓ જાણતા જ હતા ને આપ તીર્થંકર થવા અવતર્યા છો એમ પણ તેઓ પહેલેથી જાણતા જ હતા; તેથી મુનિમાર્ગે જતાં આપને રોકવાની કોઈ ચેષ્ટા તેઓએ ન કરી. અમારો પુત્ર, હવે પરમાત્મા થવા માટે મોક્ષના માર્ગમાં આગળ વધી રહ્યો છે–એમ સમજી અનુમોદના સહિત તેઓ મૌન રહ્યા; તેમણે ન ખેદ કર્યો...ન હર્ષ !

હે વાસુપૂજ્ય દેવ ! આપ તો ચૈતન્યરસમાં તરબોળ બનીને બાર વૈરાગ્ય–અનુપ્રેક્ષાઓ ચિંતવી રહ્યા હતા; તે જ વખતે બ્રહ્મલોકમાંથી લૌકાંતિકદેવો ચંપાપુરીમાં આવ્યા ને આપના વૈરાગ્યની પ્રશંસા કરીને સ્તુતિ કરી. તે જ વખતે સ્વર્ગના દેવો 'રત્નમાલા' નામની પાલખી લઈને દીક્ષાકલ્યાણક ઊજવવા આવી પહોંચ્યા ને દીક્ષાપ્રસંગનો અભિષેક–શણગાર વગેરે મંગલ વિધિ કર્યો. આપ 'રત્નમાલા' પાલખીમાં આરૂઢ થઈને "રત્નત્રય"ની માળા પહેરવા માટે વનમાં ચાલ્યા. મનોહર–વનમાં જઈને આપે સર્વ સંગનો પરિત્યાગ કર્યો; મુગટ છોડ્યો ને હાર છોડ્યા, વસ્ત્ર પણ છોડ્યા ને શિરના કેશને પણ સ્વહસ્તે ઊખેડી

નાંખ્યા; એ વખતે દિગંબર દશામાં આપની વીતરાગતા કોઈ અનેરા સ્વરૂપે ખીલી ઊઠી. આપની નિર્વિકાર શાંતમુદ્રા જોઈને હજારો લાખો જીવોને નિર્વિકાર ચૈતન્યસુખની પ્રતીત થઈ ગઈ. આપ તો 'ૐ સિદ્ધેભ્યઃ નમઃ' એવા ઉચ્ચારણપૂર્વક આત્મધ્યાનમાં લીન થયા; શુદ્ધોપયોગથી નિજ પરમતત્ત્વની અનુભૂતિમાં એકાગ્ર થયા. તે જ વખતે પ્રત્યાખ્યાન કષાયો દૂર થઈ ગયા; આપને સાતમું ગુણસ્થાન તથા મનઃપર્યયજ્ઞાન પ્રગટ્યું, અનેક લબ્ધિઓ પણ પ્રગટી. સેંકડો રાજાઓએ તેમજ બીજા કેટલાય મુમુક્ષુજીવોએ પણ આપની સાથે જ સંસાર છોડીને સંયમદશા અંગીકાર કરી; અને ધર્મનો મહાન ઉદ્યોત થયો. બે ઉપવાસ બાદ ફાગણ સુદ એકમે આપ નગરીમાં પધાર્યા ને 'સુંદર' નામના રાજાએ, આપને પ્રથમ આહારદાન કરીને પોતાના આત્મામાં 'તદ્ભવમોક્ષગામી'ની મુદ્રા લગાડી દીધી. ત્યારે દેવોએ પણ આશ્ચર્યકારી મંગલવાજાં-પુષ્પવૃષ્ટિ વગેરે દ્વારા પોતાનો હર્ષ પ્રગટ કર્યો.

હે વાસુપૂજ્યદેવ! આત્મધ્યાન સહિત મુનિદશામાં વિહરતા થકા આપ આત્મશુદ્ધિમાં ખૂબ વૃદ્ધિ કરી રહ્યા હતા. તેથી પૂરું એક વર્ષ પણ આપ છદ્મસ્થ દશામાં ન રહ્યા; માહ વદ ચૌદશે આપ મુનિ થયા ને 'શ્રાવણ વદ બીજે' તો આપ કેવળજ્ઞાન પ્રગટ કરીને સર્વજ્ઞ પરમાત્મા થયા. ચંપાપુરીના જે મનોહર વનમાં આપે દીક્ષા લીધેલી તે દીક્ષાવનમાં જ આપે કેવળજ્ઞાન પ્રગટાવ્યું. જે વનમાં ચોથું જ્ઞાન પ્રગટેલું તે જ વનમાં પાંચમું જ્ઞાન પ્રગટ્યું. જે વનમાં છઠ્ઠું–સાતમું ગુણસ્થાન પ્રગટેલું તે જ વનમાં ૮–૯–૧૦–૧૨ ને ૧૩ મું ગુણસ્થાન આપને પ્રગટ્યું. ધન્ય બની ચંપાનગરી–જ્યાં આપના પાંચેય કલ્યાણકો ઊજવાયા. વાહ પ્રભો! આપ સર્વજ્ઞ થયા તે જોઈને અમારા જેવા સાધકોનું ચિત્ત અતીન્દ્રિય આનંદ પ્રત્યે ઉલ્લસી જાય છે. હે સર્વજ્ઞ પરમાત્મા! ઈન્દ્ર પોતાના વૈભવો સહિત આપની પૂજા કરવા આવી પહોંચ્યો. ઈન્દ્રે કુબેરને આજ્ઞા કરી કે હે કુબેર! ઈન્દ્રલોકના ઊંચામાં ઊંચા વૈભવનો ઉપયોગ કરીને, તીર્થંકરપ્રભુની ધર્મસભાની રચના કરો. તે અનુસાર આપના દિવ્ય સમવસરણની એવી અદ્ભુત રચના થઈ કે તે જોઈને ઈન્દ્ર પણ આશ્ચર્યચકિત થઈ ગયો....અરે આવી અલૌકિક રચના કરવાનું ગજું અમારું નહિ, આ તો તીર્થંકરના અચિંત્ય પુણ્યનો જ પ્રતાપ! અહો દેવ! ઉદયભાવજનિત સમવસરણની આવી અદ્ભુતતા, તો ક્ષાયિકભાવ જનિત આપના કેવળજ્ઞાનના અચિંત્ય મહિમાનું તો શું કહેવું!!

એ અદ્ભુત સમવસરણની વચ્ચે, તેનાથીયે અદ્ભુત શોભાવાળા આપ બિરાજતા હતા. દેવો–મનુષ્યો ને તિર્યંચો આપની ધર્મસભામાં આવી પહોંચ્યા. આપના દર્શન કરીને જીવો વીતરાગતાની પ્રેરણા મેળવતા હતા ને ક્રૂર જીવો પણ હિંસકભાવ છોડીને શાંત થઈ જતા હતા. હે તીર્થંકર વાસુપૂજ્ય! ફરીને આપ વાસુ–પૂજ્ય(ઈન્દ્ર વડે પૂજિત) બન્યા...ને સહજ દિવ્ય ધ્વનિદ્વારા આપે જગતના ભવ્યજીવોને મોક્ષમાર્ગ દેખાડ્યો. પહેલાં બાલબ્રહ્મચારી રહીને લાખો વર્ષ આપે ચંપાપુરીનું રાજ્ય કર્યું, હવે સર્વજ્ઞ થઈને આખા જગતમાં ધર્મનું સામ્રાજ્ય ૫૪ લાખ વર્ષ સુધી પ્રવર્તાવ્યું ને કેટલાય જીવોને મોક્ષના માર્ગમાં લગાવ્યા. અહો, આપે જીવોને મોક્ષમાર્ગનું જે સુખ આપ્યું તેના મહિમાની શી વાત! હે દેવ! આપની ધર્મસભામાં 'ધર્મવીર' વગેરે ૬૬ ગણધરો આપને વંદન કરતા હતા; ૧૨૦૦૦ પૂર્વધારી–શ્રુતકેવળી હતા; ૩૯૨૦૦ શિક્ષક-ઉપાધ્યાય હતા; દશ હજાર વિક્રિયાઋદ્ધિધારી તથા ૪૨૦૦ વાદી હતા. ૫૪૦૦ અવધિજ્ઞાની ને છ હજાર મનઃપર્યયજ્ઞાની મુનિવરો હતા. વળી ૬૦૦૦ કેવળજ્ઞાની–અરિહંત પરમાત્માઓ પણ ગગનમંડળમાં આપની સાથે જ ધર્મસભાને શોભાવી રહ્યા હતા. અહા, એકસાથે હજારો અરિહંત દેવોના સમૂહ સહિત આપ તીર્થંકરપણે કેવા

અદ્‌ભુત શોભતા હતા! આપના શ્રીમંડપમાં કુલ ૭૨ હજાર મુનિવરો હતા, ને એક લાખ છ હજાર આર્યિકાઓ હતા. આપનો આ વૈભવ ઓળખીને ઘણાય જીવોનું માન તેમ જ મિથ્યાત્વ મટી જતું હતું ને તેઓ સમ્યગ્દર્શન પામતા હતા. આવા ધર્મ પામેલા બે લાખ શ્રાવકો ને ચાર લાખ શ્રાવિકાઓ સમવસરણમાં આપની ઉપાસના કરી રહ્યા હતા; દેવોનો તો પાર ન હતો ને સિંહ–સર્પ–સસલાં–હરણ વગેરે તિર્યંચોની સંખ્યા પણ ઘણી મોટી હતી.

હે તીર્થંકર વાસુપૂજ્યદેવ! આવા મહાન ધર્મ વૈભવ સહિત આપે ૫૪ લાખ વરસો સુધી ભરતક્ષેત્રમાં વિહાર કર્યો ને ધર્મોપદેશ વડે લાખો–કરોડો જીવોને મોક્ષના માર્ગમાં દાખલ કર્યા. આપના ચતુર્વિધ સંઘથી મોક્ષની સડક ધમધોકાર ચાલતી હતી. એ રીતે દેશોદેશ વિહાર કરીને ધર્મચક્રનું પ્રવર્તન કરતાં કરતાં જ્યારે એક હજાર વર્ષનું આયું શેષ રહ્યું ત્યારે આપ પુનઃ ચંપાપુરી રાજ્યમાં પધાર્યા ને અંતિમ માસમાં રજતમાલા નદીના કિનારે મંદારાચલના મનોહર ઉદ્યાનમાં સ્થિર થયા....આપનો વિહાર અને વાણી બંધ થયા....અને ભાદરવા સુદ ૧૪ (અનંતચતુર્દશી)ના સંધ્યા સમયે સંપૂર્ણ યોગનિરોધ કરીને ૯૪ મુનિવરો સહિત આપ લોકાગ્રે સિદ્ધાલયમાં સીધાવ્યા.

**વાસુપૂજ્ય જિન સિદ્ધ ભયે ચંપાપુરકે દેશ,**
**મંદારગિરિ પર પૂજહું બાલબ્રહ્મ જિનેશ.**

પ્રભો! આપને મોક્ષની પરમદશા પ્રાપ્ત થઈ; વિજયના અભિલાષી સામાન્યરાજા સંધિ વિગ્રહ વગેરે છ ગુણો વડે પણ વિજય મેળવી લ્યે છે, તો પછી જેમણે ૮૪ લાખ શીલગુણો પૂર્ણ કર્યા છે એવા આપને સિદ્ધિ (મુક્તિ) કેમ ન મળે! પ્રભો, પરમ મોક્ષપદ પામીને આપ સિદ્ધાલયમાં બિરાજો છો, છતાં હે સિદ્ધ પ્રભો! અમારા જેવા સાધકહૃદયમાં પણ આપ બિરાજી રહ્યા છો. દેવોએ આપનો નિર્વાણમહોત્સવ ઊજવ્યો આપનું પંચમકલ્યાણક ઊજવવા ઈન્દ્રાદિદેવો આ ચંપાપુરી રાજ્યમાં પાંચમી વખત આવ્યા. આપના પાંચેય કલ્યાણકોથી 'ચંપા' ધન્ય ધન્ય બની...ને અમે સાધકો પણ આપની ઉપાસનાથી ધન્ય બન્યા.

પ્રભો! આપે સ્વ–પર તત્ત્વોની ભિન્નતા બતાવી, અને દરેક તત્ત્વને સત્–અસત્‌રૂપ તેમજ ઉત્પાદ–વ્યય ધ્રૌવ્યરૂપ બતાવ્યા. તે–અનુસાર આપ પણ ભવ–પર્યાયોથી અસત્ (વ્યયરૂપ) હોવા છતાં મોક્ષપર્યાયોથી સત્‌રૂપ છો; ધ્રુવ પણ આપ છો ને ઉત્પાદ–વ્યય પણ આપ જ છો. હે બ્રહ્મચારી દેવ! આવું અનેકાન્ત–તત્ત્વ બતાવીને આપે અમને મિથ્યામાર્ગોથી છોડાવીને મોક્ષના માર્ગમાં દાખલ કર્યા.—પછી અમે આપને કેમ ન પૂજીએ? ધર્માત્માઓ વડે આપ પૂજ્ય છો. પહેલાં આપ પદ્મોત્તર રાજા હતા ત્યારે પણ યુગંધર જિનરાજના ઉપદેશ વડે વિરક્ત થઈને આપે રાજ્ય છોડ્યું ને રત્નત્રયમાં ઉપયુક્ત થયા; પછી મહાશુક્રસ્વર્ગની દિવ્ય વિભૂતિમાં પણ આપ ન મૂર્છાયાં; અંતે આ ચંપાપુરીનું સામ્રાજ્ય છોડી, અને સમસ્ત સંસારને પણ છોડી, આપે અક્ષય મોક્ષસામ્રાજ્યને પ્રાપ્ત કર્યું. 'વાસવ' વડે પૂજિત એવા હે વાસુપૂજ્ય! આપ માત્ર વાસવ વડે નહિ. 'હરિ' વડે પણ પૂજ્ય છો....આપના ચરણોમાં 'હરિ' વંદન કરે છે.

**[ઈતિ શ્રી વાસુપૂજ્ય–તીર્થંકરનું મંગલ પુરાણ પૂર્ણ થયું.]**

* * *

## ચંપાપુરી [મંદારગિરિ] પરિચય

- ચંપાપુરી અંગદેશની મુખ્ય નગરી; વાસુપૂજ્ય તીર્થંકરના પાંચે કલ્યાણક અહીં થયા. નિર્વાણપ્રાપ્તિ ચંપાપુરીના ઉદ્યાનમાં (ભાગલપુરથી ૩૦ માઈલ દૂર) મંદારગિરિ પર્વત ઉપરથી થઈ. 'વોંસી' રેલ્વેસ્ટેશનથી બે માઈલ દૂર મંદારગિરિ સિદ્ધક્ષેત્ર છે. આ શુદ્ધ દિગંબર જૈનતીર્થ છે. મંદારગિરિપર્વત અખંડ એક પત્થરનો, બહુ જ રળિયામણો છે. પર્વતની સમીપમાં 'પાપહારિણી' નામનું મનોહર સરોવર છે.
- ઉપસર્ગવિજેતા અને મોક્ષગામી મહાત્મા સુદર્શન પણ આ ચંપાનગરીમાં જ થયા.
- મિથિલા નગરીના રાજા પદ્મરથ દઢ સમ્યક્ત્વી હતા; તેણે ચંપાપુરીમાં બિરાજમાન વાસુપૂજ્ય તીર્થંકરનો મહિમા સાંભળ્યો ને તત્કાળ દર્શન કરવા ચાલ્યા. રસ્તામાં અનેકવિધ પ્રતિકૂળતા વડે દેવે તેની ભક્તિની પરીક્ષા કરી, પણ રાજા પદ્મ ડગ્યા નહિ...ને અંતે ચંપાપુર વાસુપૂજ્યપ્રભુના ચરણમાં પહોંચ્યા; ત્યાં પ્રભુના દર્શન કરી તથા ઉપદેશ સાંભળી, સંસારથી વિરક્ત થઈ પ્રભુચરણોમાં મુનિદીક્ષા લીધી ને પ્રભુના ગણધર થઈને મોક્ષ પામ્યા.
- ચંપાનગરીમાં રાજકુમારી રોહિણી; તે હસ્તિનાપુરીના રાજપુત્ર અશોક સાથે પરણેલી; તેઓ બંને વાસુપૂજ્ય પ્રભુના દર્શન કરવા ચંપાપુર આવેલા; ત્યાં અશોક મહારાજ તો ભગવાનનો ઉપદેશ સાંભળી મુનિ થયા ને પ્રભુના ગણધર બન્યા. રોહિણી પણ આર્યિકા થઈને અચ્યુત સ્વર્ગમાં દેવપણે ઊપજી.
- ચંપાપુરીમાં ધર્મઘોષમુનિને એકમાસના ઉપવાસ હતા; પારણા પ્રસંગે ઉપસર્ગ આવ્યો; તે ઉપસર્ગ જીતી કેવળજ્ઞાન પામી ત્યાંથી જ મોક્ષ પામ્યા.
- પાંચ પાંડવોનો મોટોભાઈ કર્ણ, તે ચંપાપુરીનો રાજા હતો.
- જેના શીલ પ્રતાપે ઘડામાંના નાગનો હાર બની ગયો—તે સતી સોમા;
- નિઃકાંક્ષ ગુણમાં પ્રસિદ્ધ સતી અનંતમતી;
- કોઢિમાંથી વૈરાગી બનેલ રાજા શ્રીપાલ.
- —તે બધા પણ આ ચંપાનગરીના જ રત્નો હતા,—જેમના ગુણોની સુગંધથી આજે ય ચંપાનગરી ગૌરવ અનુભવે છે.
- ભગવાન મહાવીર ચંપાનગરીમાં પધાર્યા હતા.
- સોનગઢના સંત કાનજીસ્વામીએ હજારો મુમુક્ષુ ભક્તો સહિત ચંપાપુરી—મંદારગિરિની યાત્રા કરી હતી, તથા વાસુપૂજ્ય-જિનબિંબનો અભિષેક કર્યો હતો.

*[ઈતિ શ્રી ચંપાપુરી—તીર્થમહિમા]*

* * *

## વાસુપૂજ્ય ભગવાનના સમયમાં થયેલા
## બીજા વાસુદેવ–દ્વિપૃષ્ઠ, બળદેવ–અચલ, પ્રતિવાસુદેવ–તારક

૧૧મા શ્રેયાંસનાથ તીર્થંકરના મોક્ષગમન પછી તેમના શાસનમાં પહેલા વાસુદેવ–બળદેવ થયા; ત્યાર બાદ વાસુપૂજ્ય તીર્થંકરના સમયમાં બીજા વાસુદેવ વગેરે થયા; તેમની કથા ભવ્ય જીવોને જીવના પરિણામની વિચિત્રતા બતાવીને સંસારથી વૈરાગ્ય જગાડે છે.

બીજા વાસુદેવનું નામ દ્વિપૃષ્ઠ : પૂર્વભવમાં તે ભરતક્ષેત્રના કનકપુરનો રાજા સુષેણ હતો. તેના રાજદરબારમાં ગુણમંજરી નામની એક અતિસુંદર નર્તકી હતી. વિંધ્યશક્તિ નામનો રાજા તે નર્તકી પર મોહિત થયો અને યુદ્ધમાં સુષેણને હરાવીને તે નર્તકીને ઉપાડી ગયો. અરેરે, પુણ્ય ખૂટી જતાં પ્રિયવસ્તુ પણ ક્ષણમાં છૂટી જાય છે.

જેમ હાથીના દંતશૂળ તૂટી જતાં તેની શોભા હણાઈ જાય તેમ માનભંગ થયેલ રાજા સુષેણનું દિલ તૂટી ગયું; રાજમાં ક્યાંય તેને ચેન ન પડ્યું. અંતે, એકવાર સુવ્રત–જિનેન્દ્રનો ધર્મોપદેશ સાંભળતાં તેનું ચિત્ત સંસારથી વિરક્ત થયું ને તેણે જિનદીક્ષા લીધી. પરંતુ એકવાર શત્રુને દેખીને તેને ક્રોધ આવ્યો ને સ્વધર્મને ભૂલીને મિથ્યાત્વશલ્યપૂર્વક તેણે ફળમાં ભોગોની ઇચ્છા કરી, તેમ જ 'પરભવમાં હું મારા શત્રુને મારું' એવો પાપ–સંકલ્પ કર્યો. મરીને સંયમ–તપને લીધે તે પ્રાણત નામના ૧૪મા સ્વર્ગમાં દેવ થયો.

જે સુવ્રત–જિનેન્દ્રના ઉપદેશથી તે સુષેણરાજાએ દીક્ષા લીધેલી, તે જ સુવ્રત–જિનેન્દ્રના ધર્મોપદેશથી વાયુરથ નામના રાજાએ પણ જિનદીક્ષા લીધી હતી. અને સમાધિમરણ કરીને તે પણ પ્રાણતસ્વર્ગમાં જ ઉપજ્યો બંને જીવો અસંખ્યાતવર્ષો સુધી પ્રાણતસ્વર્ગમાં રહ્યા.

ત્યાંથી આયુષ્યપૂર્ણ થતાં તે બંને જીવો, ભરતક્ષેત્રમાં જ્યારે ભગવાન વાસુપૂજ્ય–તીર્થંકર વિચરતા હતા ત્યારે, દ્વારાવતી નગરીમાં બ્રહ્મરાજાના પુત્રો દ્વિપૃષ્ઠ વાસુદેવ અને અચલ બળદેવ થયા. બંનેનું મિલન ગંગા–જમના જેવું હતું. જેમ એક ગુરુ વડે દેવામાં આવતી વિદ્યાનું સેવન શિષ્યજનો ભાગ પાડ્યા વગર કરે છે તેમ તે બંને ભાઈઓ, ભાગલા પાડ્યા વગર જ રાજ્યનો ઉપભોગ કરતા હતા; પરંતુ તેમનામાં વિશેષતા એ હતી કે, અચલ બલભદ્ર તો આત્મજ્ઞાનના સંસ્કાર સહિત હોવાથી વિષયભોગોમાં ક્યાંય સુખ માન્યા વગર મોક્ષને સાધતા હતા; ત્યારે દ્વિપૃષ્ઠ વાસુદેવ તો પાપના નિદાન વડે આત્મજ્ઞાનથી ભ્રષ્ટ થયેલો હોવાથી વિષયભોગોમાં જ લવલીન રહેતો હતો ને નરકગતિનાં પાપ બાંધતો હતો. દેખો, બંને ભાઈઓ સાથે રહીને એકસરખા ભોગોપભોગ' ભોગવતા હોવા છતાં પરિણામમાં કેટલો ફેર !! એક તો મોક્ષની સાધના કરી રહ્યો છે ને બીજો નરક તરફ જઈ રહ્યો છે !!–આ જાણીને ભવ્યજીવનું ચિત્ત વિષયભોગોથી ભયભીત થઈને મોક્ષસાધનામાં લાગે છે.

હવે દ્વિપૃષ્ઠ વાસુદેવનો પૂર્વભવનો શત્રુ વિંધ્યરાજાનો જીવ પણ ભવમાં ભમતો ભમતો, કોઈ કારણે વૈરાગ્ય પામ્યો ને ધર્મ અંગીકાર કરીને પાછો ભોગોની આકાંક્ષા વડે ધર્મથી ભ્રષ્ટ થયો; તે ભરતક્ષેત્રમાં 'તારક' નામનો અર્ધચક્રી થયો; તેને દૈવી સુદર્શનચક્ર પ્રાપ્ત થયું હતું ને ત્રણ ખંડના હજારો રાજાઓને તેણે દાસ બનાવી દીધા હતા; પરંતુ હજી દ્વિપૃષ્ઠ જીતાયો ન હતો. તેથી તે વાસુદેવ–બળદેવને પણ તાબે કરવાની ઇચ્છાથી તેણે દૂત સાથે દ્વારાવતી કહેવડાવ્યું કે–અમારી આજ્ઞા સ્વીકારીને તમારી પાસે ગંધહસ્તી નામનો મોટો હાથી છે તે મને શીઘ્ર મોકલી આપો, નહિ તો યુદ્ધ માટે તૈયાર રહો !

તે દૂતની વાત સાંભળતાં જ પૂર્વભવના વેરના સંસ્કારથી દ્વિપૃષ્ઠનો ક્રોધ ભભૂકી ઊઠ્યો, અને તે બંને મૂર્ખ વચ્ચે મોટું યુદ્ધ થયું; તેમાં રાજા તારકે સુદર્શનચક્ર દ્વિપૃષ્ઠ ઉપર ફેંક્યું. પરંતુ દ્વિપૃષ્ઠના પૂર્વપુણ્યને લીધે તે ચક્રે તેનો ઘાત ન કર્યો, ઉલ્ટું શાંત થઈને તેના તાબે થઈ ગયું. ઉશ્કેરાયેલા દ્વિપૃષ્ઠે ભયંકર ક્રોધવડે તે જ ચક્રવડે તારક–પ્રતિવાસુદેવનો શિરચ્છેદ કર્યો અને ત્રણ ખંડનું રાજ્ય પ્રાપ્ત કર્યું. તારકનો જીવ મરીને સાતમી નરકે ગયો.


આ રીતે દ્વિપૃષ્ઠ તથા અચલ બંને ભાઈઓ આ ભરતક્ષેત્રમાં બીજા વાસુદેવ–બળદેવ થયા. તેમણે ત્રણખંડનો દિગ્વિજય કર્યો; પાછા ફરતાં વચ્ચે ચંપાપુરી નગરી આવી; ત્યાં વાસુપૂજ્ય તીર્થંકર બિરાજમાન હતા, તેમના દર્શન કરતાં બંનેને ઘણો હર્ષ થયો. ત્યાંથી દ્વારાવતી આવીને બંને ભાઈઓએ ઘણાં વર્ષો સુધી ત્રણખંડનું રાજ્ય ભોગવ્યું. અંતે દ્વિપૃષ્ઠનો જીવ તીવ્ર ભોગલાલસાપૂર્વક રૌદ્રધ્યાનથી મરીને સાતમી નરકે ગયો. ભાઈના વિયોગથી અચલબળભદ્રને ઘણો જ શોક થયો. અંતે દ્વારાવતીમાં વાસુપૂજ્ય ભગવાનનું આગમન થતાં તેમના ધર્મોપદેશથી તેનું ચિત્ત શાંત થયું ને સંસારથી વિરક્ત થઈને તેણે જિનદીક્ષા લીધી; આત્મસાધના વડે કેવળજ્ઞાન પ્રગટ કર્યું ને ગજપંથા–સિદ્ધક્ષેત્રથી તેઓ મોક્ષ પામ્યા.

અરે, જુઓ તો ખરા વિચિત્રતા ! બે ભાઈઓએ પુણ્ય વડે ત્રણખંડની વિભૂતિ એક સાથે ભોગવી, પણ એક તો ઊર્ધ્વપરિણામ વડે તે પુણ્યવિભૂતિને છોડીને મોક્ષમાં ગયા ને બીજો અધોપરિણામ વડે તે પુણ્યવિભૂતિને છોડીને સાતમી નરકે ગયો !માટે, પોતાનું હિત ચાહનારા બુદ્ધિમાન જીવોએ વિષયોની વાસના અને પાપભાવો છોડીને મોક્ષસુખને માટે ધર્મનું સેવન કરવું જોઈએ. તીર્થંકરનો યોગ પામવા છતાં પણ હૃદયમાં વિષયભોગોનું શલ્ય ન છૂટ્યું તો તે ત્રણખંડનો સ્વામી પણ ભયંકર દુર્ગતિને પામ્યો....માટે હે જીવ ! તું જાગજે, ધર્મનો સુઅવસર પામીને વિષયોમાં અટકીશ નહિ; આત્માનું વીતરાગી સુખ વિષયો વગરનું છે તેનો વિશ્વાસ કરીને તેને સાધજે.

***[ઈતિ શ્રી વાસુપૂજ્ય–તીર્થંકરના સમયમાં થયેલા બીજા વાસુદેવ–દ્વિપૃષ્ઠ, બળદેવ–અચલ, તથા પ્રતિવાસુદેવ–તારકની કથા અહીં પૂરી થઈ.]***

**અહો પરમોપકારી ગુરુ કહાન! ચોવીસ તીર્થંકર ભગવંતોનું આ મહાપુરાણ લખતાં પાને–પાંને આપ યાદ આવો છો. આપે મને જૈનધર્મ આપ્યો તેથી જ આવા તીર્થંકરભગવંતો મને મળ્યા; અને આપે ઉત્તમ બોધ આપ્યો તેથી જ તીર્થંકરભગવંતોના જીવનનું રહસ્ય જાણી શકાયું. આપના પ્રતાપે જ આ બધું થયું છે, એટલે આ તીર્થંકરોનું મહાપુરાણ પણ આપના જ દ્વારા લખાય છે એમ હું માનું છું. તીર્થંકરોનો માર્ગ આપીને આપે પરમ ઉપકાર કર્યો છે. અને, આપ પણ ભાવિ-તીર્થંકરોની હારમાળામાં જ બિરાજો છો ને!**

**ત્રિકાળવર્તી તીર્થંકર ભગવંતોને નમસ્કાર**




હે વિમલ–વાહન દેવ! આપનું નામ સાર્થક છે : કેમકે 'વિમલ' વાહન ઉપર સવાર થઈને આપે મોક્ષપુરીમાં ગમન કર્યું. કેવું છે આપનું વિમલ–વાહન!

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ બે જેના દંતશૂળ છે; અનંત પવિત્રગુણો જેનું શરીર છે, ચાર આરાધના એ જેના ચાર પગ છે, શુદ્ધોપયોગરૂપ ધર્મ–એ જેની વિશાળ સૂંઢ છે, એવા મહાન નિર્દોષ–વિમલહાથીને વાહન બનાવીને, અને 'જ્ઞાયકભાવ'ને ધ્યેયરૂપે રાખીને, આપે રત્નત્રયરૂપ સન્માર્ગમાં ગમન કર્યું ને પાપ–શત્રુઓને જીતીને મોક્ષપુરીમાં પ્રવેશ કર્યો...તેથી આપ ખરેખર 'વિમલ...વાહન' છો. [પહેલાં આપ ધાતુકી–દ્વીપમાં પદ્મસેન રાજા હતા ને પછી મુનિ થઈને આઠમા સ્વર્ગના ઈન્દ્ર થયા, તે ઈન્દ્રપદને પણ છોડીને આપ વિમલતીર્થંકર થયા ને હાલ સિદ્ધપદમાં બિરાજી રહ્યા છો.] પરમ ઈષ્ટ એવા હે પ્રભો! આ મહાપુરાણ દ્વારા આપને અભિવંદીએ છીએ.....

**